
मन की बात 100
MANN KI BAAT 100
2023

# મન કી બાત

વોલ્યુમ ૪



# MANN KI BAAT
## VOL.8

**Authors**
Sarda Mohan and Tanushree Banerji

**Illustrations and Cover Art**
Dilip Kadam

**Assistant Artist**
Ravindra Mokate

**Production**
Amar Chitra Katha

**Colourists**
Prakash Sivan, Prajeesh V. P. and Periasamy Samikannu

**Flat Colourists**
Vineesh S. Sreedharan and Srinath Malolan M.

**Layout Artist**
Akshay Khadilkar

**Published by**
Amar Chitra Katha Pvt. Ltd

GUJARATI

ISBN – 978-93-6127-257-8

Amar Chitra Katha Pvt. Ltd, January 2024

© Ministry of Culture, Govt of India, January 2024
All rights reserved. This book is sold subject to the condition that the publication may not be reproduced, stored in a retrieval system (including but not limited to computers, disks, external drives, electronic or digital devices, e-readers, websites), or transmitted in any form or by any means (including but not limited to cyclostyling, photocopying, docutech or other reprographic reproductions, mechanical, recording, electronic, digital versions) without the prior written permission of the publisher, nor be otherwise circulated in any form of binding or cover other than that in which it is published and without a similar condition being imposed on the subsequent purchaser.

You can now get ACK stories as part of your classroom with **ACK Learn**, a unique learning platform that brings these stories to your school with a range of workshops. Find out more at **www.acklearn.com** or write to us at **acklearn@ack-media.com**.

મારા પ્રિય બાળકો,

એવું કહેવાય છે કે ભારત એ વૈવિધ્યસભર દેશ છે. આ સાચી વાત છે. આપણાં દેશમાં અલગ અલગ ભાષાઓ અને સંસ્કૃતિના લોકો છે, પરંતુ આપણે ઇન્ટરકનેક્ટેડ છીએ. આપણને આપણાં મૂલ્યો, આપણાં વિચારો અને આપણું વલણ એકબીજાની સાથે જોડીને રાખે છે.

તમે બધા જાણો છો કે દરેક જગ્યાએ કુદરતી સંસાધનોની અછત વર્તાવા લાગી છે. જંગલો સાફ થઈ રહ્યાં છે અને પાણીની અછત વર્તાઈ રહી છે. પરંતુ આપણાં દેશમાં એવા લોકો છે કે જેમનામાં 'સમસ્યા-નિવારક' વલણ છે. તેમણે કોઈ સમસ્યા જોઈ, તેના ઉકેલ માટેનો વિચાર કર્યો અને તે પછી તેને અમલમાં લાવવા માટે તેમનાથી થઈ શકે તે દરેક વસ્તુ કરી અને આમ કરવામાં, તેમણે પોતાનું જીવન, તેમના પાડોશીઓનું જીવન અને પશુ-પંખીઓનું જીવન પણ સુધાર્યું

મને તમને આસામના જાદવ પાયેંગ વિશે જણાવતા ગર્વ થાય છે કે જેમણે જાતે એક જંગલ બનાવ્યું. એક એવું જંગલ કે જ્યાં આજે, વાઘ અને રાઇનોઝે પોતાનું ઘર બનાવ્યું છે.

આસામની જેમ જ, કેરળમાં પણ રફી રામનાથે પણ એક નાનું-વન બનાવ્યું છે. ઓરિસ્સાના અમરેશ સામંત, કર્ણાટકના સુરેશ કુમાર અને ઉત્તરાખંડના જગદીશ કુનિયાલે પણ વૃક્ષો વાવીને સમસ્યાઓને ઉકેલી છે.

મિઝોરમના લોકોએ તેમની મૂલ્યવાન નદી ચિતે લુઈને સાફ કરી; અને તે પછી તેમણે નદીમાંથી બહાર કાઢેલા પ્લાસ્ટિકથી એક રસ્તાનું નિર્માણ કર્યું! દેશના એક બીજા છેડે, તામિલનાડુની મહિલાઓએ તેમની સુકાઈ ગયેલી નદી નાગાનદીને પુનર્જીવિત કરી.


તો તમે જોયું કે તમે ક્યાં રહો છો એ મહત્વનું નથી. જો તમે પોતાની અંદર 'સમસ્યા-નિવારક'નું વલણ પેદા કરી શકતા હોવ, તો તમે ગમે ત્યાં તમારી કુશળતાથી અન્યનું કલ્યાણ કરી શકો છો.




# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1 | અમરેશ સામંત | 3 |
| 2 | ઇન્દરપાલ સિંધ બત્રા | 6 |
| 3 | જાદવ પાયેંગ | 9 |
| 4 | જગદીશ ચંદ્ર કુનિયાલ | 12 |
| 5 | રફી રામનાથ | 15 |
| 6 | રિપુ દમન બેવલી | 18 |
| 7 | નદી નાગનદી | 21 |
| 8 | સેંગ શેરપા | 23 |
| 9 | સેવ ચાઇટ લુઈ | 26 |
| 10 | સુરેશ કુમાર | 28 |
| 11 | તુલસી રામ યાદવ | 31 |

# અમરેશ સામંત



વિદ્યાર્થીઓ એક પર્યાવરણવિદ સાથે આબોહવામાં ફેરફાર પરની એક વિશેષ ક્લાસ લઈ રહ્યાં હતા.
સર, શું તે વાત સાચી છે કે તમે જાતે એક જંગલ બનાવ્યું છે?
હજી સાચી નથી, પરંતુ હું થોડા અન્ય લોકો સાથે તેના પર કામ કરી રહ્યો છું.
પણ કેમ સર? તે ખેતી જેવું કામ તો નથી. તમે તેમાંથી કોઈ અનાજ તો મેળવતા નથી.
જંગલો તૈયાર કરવાના ઘણાં બધા ફાયદા છે. તે પ્રદૂષણ અને આબોહવામાં ફેરફારની સામે લડવામાં મદદ કરે છે. તે હવાને સાફ રાખવામાં, ઇકોસિસ્ટમોને પુનઃપ્રાપ્ત કરવામાં અને અત્યંત હવા કે પૂરથી આસપાસના ક્ષેત્રોનું રક્ષણ કરવામાં મદદ કરે છે.
પ્રદૂષણ વધવાની સાથે-સાથે, વનીકરણ કરવું એ આજની જરૂરિયાત બની ગઈ છે. એ તો સારું છે કે લોકો જંગલ નિર્માણ કરવા માટેનું કામ કરી રહ્યાં છે. એવા જ એક વ્યક્તિ છે ઓરિસ્સાના અમરેશ સામંત.
ચાલો હું તમને આ સ્ટોરી કહું.
અમરેશ સામંત ઓરિસ્સાના દરિયાઈ પ્રદેશમાં બિલવાલી નામના ગામમાં ઉછર્યા.
બીજું ચક્રવાત આપણાં ગામમાં આવી રહ્યું છે. આશા છે કે આપણું ઘર સુરક્ષિત રહેશે.
આપણે આ ચક્રવાતને ભયંકર વિનાશ સર્જવાથી અટકાવવા માટે કંઈક કરવું પડશે.
અમરેશ એક ઇલેક્ટ્રિકલ એંજીનિયર છે પરંતુ કુદરતી આફતોથી સંરક્ષણ કરવાનો વિચાર તેમના મનમાં હંમેશા રહેતો.
મેં વાંચ્યું છે કે નદી કાંઠે વૃક્ષો વાવવાથી ચક્રવાતની અસર ઓછી થાય છે. શું તમે મારી મદદ કરશો?
હા, બિલકુલ. આપણી સાથે જોડાવવા અમે મિત્રોને પણ કહીશું.


થોડાંક સ્વયંસેવકો સાથે અમરેશે 1995માં નદીના કાંઠે વૃક્ષોની પંક્તિઓ વાવવાનું શરૂ કર્યું.
ચાલો આપણે સરોવરના કાંઠે પણ વૃક્ષો વાવીએ.
અને તેનાથી જોડાયેલા રસ્તાઓ અને કેટલાક સાર્વજનિક સ્થાનો પર પણ.
વર્ષો સુધી, અમરેશ અને તેની ટીમે સમગ્ર જગતસિંઘપુર જીલ્લામાં ઘણી વૃક્ષારોપણ ઝુંબેશો ચલાવી.
પરંતુ ઓરિસ્સામાં ચક્રવાતી તોફાન આવ્યું ત્યારે -
વૃક્ષો જડમૂળથી ઊખડી ગયા!
મકાન અને સંપત્તિઓની ક્ષતિમાં કોઈ ઘટાડો થયો નથી.
અમરેશે તેનો ઉકેલ શોધવા માટે ઘણાં વર્ષોનો સમય વિતાવ્યો. 2015માં -
ગ્રામ્ય જંગલ* આ તેનો જવાબ છે. આપણે માઇક્રોફોરેસ્ટ બનાવવા માટે વૃક્ષોના ઝુમખા વાવવાની જરૂર છે. આનાથી જમીનનું ધોવાણ નિયંત્રિત થશે અને ચક્રવાતી તોફાન અને પૂરના પ્રભાવોમાં ઘટાડો થશે.
પરંતુ તેના માટે જમીન ક્યાં છે?
અમરેશ અને તેની ટીમે ગ્રામવાસીઓને થોડી જમીન દાન આપવા માટે પૂછવાનું શરૂ કર્યું.
અમે જમીન મફતમાં કેમ આપીએ?
અમે અનાજની કેટલીક પેદાશ લેવા માટે તેનો બહેતર ઉપયોગ કરી શકીએ છીએ.
ઘણાં ગ્રામવાસીઓએ તેમની વિનંતી નકારી કાઢી.


*ગ્રામીણ જંગલ





*ગામના મુખિયા

^માન માટે વપરાતો શબ્દ

# ઇંદરપાલ સિંઘ બત્રા




નાયર સર અને વિદ્યાર્થીઓ નેચર વૉક માટે ગયા છે.
આપણે ચાલવાનું શરૂ કર્યું ત્યારથી કોઈપણ વિશેષ પક્ષીઓ જોયા નથી.
જુઓ, ત્યાં કેટલીક ચકલીઓ છે!
પણ તે કોઈ બેજોડ પક્ષી નથી.
શું તમને ખબર છે કે હવે ચકલીની ગણતરી પણ જોખમમાં મૂકાયેલી પ્રજાતિમાં થાય છે?
શું તેનો અર્થ કે તે પણ હવે લુપ્ત થઈ રહી છે?
ચકલીઓની સંખ્યા ઘણાં સમયથી ઘટી ગઈ છે. એ તો ઇંદરપાલ સિંઘ બત્રા જેવા લોકોનો આભાર કે જેઓ તેમના સંરક્ષણ માટે પ્રયાસ કરી રહ્યાં છે.
ઇંદરપાલ સિંઘ બત્રા એક ફુડ આંત્રપ્રેન્યોર હતા જેઓ વારાણસીમાં રહેતા હતા. એક દિવસ -
સોનિયા, કાલે સાંજે હું જ્યારે વૉક પર ગયો હતો ત્યારે મેં એક ચકલી જોઈ. ખૂબ લાંબા સમય પછી મને ચકલી દેખાઈ.
હું નાની હતી ત્યારે ઘણી બધી ચકલીઓ દેખાતી.
હવે ખૂબ મોટી-મોટી ઇમારતો થઈ ગઈ છે અને તેમનો માળો બનાવવા માટે ભાગ્યે જ વૃક્ષો દેખાય છે. તેમની સંખ્યા ખૂબ ઝડપથી ઓછી થઈ રહી છે.
સાચું કહ્યું, પણ આપણે તેના માટે શું કરી શકીએ?



ઇંદરપાલે ચકલીઓ માટે ચણ મૂકવાનું શરૂ કર્યું. જલ્દી જ -
જુઓ, થોડીક ચકલીઓ ચણ ચણવા માટે આવી છે. મને આશા છે કે તે ફરી ફરીને આવશે.
થોડા અઠવાડિયા પછી, ઇંદરપાલને એક વિચાર આવ્યો -
મેં આ કુંડામાં એક કાણું પાડ્યું છે અને તેને સ્ટ્રોથી ભરી દીધું છે. હું તેને આપણા ઘરની બહાર લટકાડી દઉં છું, બને કે ચકલીઓ માળો બનાવવા માટે તેનો ઉપયોગ કરે.
જલ્દી જ -
જુઓ, તમારો વિચાર કામ કરી ગયો.
મને ખૂબ ખુશી છે! હું વધુ કુંડા લઈને આવું છું અને ચકલી માટે ઘણા બધા માળા બનાવી દઉં છું.
ઇંદરપાલે ઘણાં બાધા માટીના કુંડાના માળા બનાવ્યાં અને તેમને ઘરની અંદર અને બહાર મૂકી દીધા.
આપણાં ઘરને હવે એક અનોખું રૂપ મળ્યું છે!
આ યુક્તિ કામ કરે છે અને આપણી આજુબાજુનો વિસ્તાર ચકલીઓથી ભરાઈ જશે ત્યારે પણ કામ કરશે.


ઇંદરપાલ નિયમિત રીતે ચકલીઓ માટે ચણ અને પાણી મૂકતાં અને વર્ષો જતાં ઘણી ચકલીઓએ તેમના ઘરને પોતાનું ઘર બનાવી લીધું.
પપ્પા, જુઓ તે મારા હાથ પર બેસી રહી છે.
અમૃતા, હવે ઘણી બધી ચકલીઓ થઈ ગઈ છે, કેટલી નવાઈની વાત છે નહીં?
ઇંદરપાલે પોતાની આજુબાજુના વિસ્તારમાં વૃક્ષો રોપવાનું પણ શરૂ કર્યું જેનાથી વધુ પક્ષીઓ પોતાનો માળો બનાવી શકે.
તેણે કેટલાક વર્ષોમાં સેંકડો વૃક્ષો વાવી દીધા.
ઇંદરપાલના ઘરનું રૂપાંતર જોઈને તેમના કેટલાક પાડોશીઓ પણ પ્રેરિત થયા.
ઇંદરપાલ, તમે જે કરી રહ્યાં છો તે આશ્ચર્યજનક છે. પક્ષીઓની સંખ્યા વધી ગઈ છે!
અમે પણ ચકલીઓનું સંરક્ષણ કરવા માંગીએ છીએ.
બસ ખાલી નિયમિત રીતે પક્ષીઓ માટે ચણ અને પાણી રાખો તેઓ તમારા ઘરની આસપાસ પણ ચોક્કસ રહેશે.
ઇંદરપાલ 15 થી વધુ વર્ષથી ચકલીઓનું સંવર્ધન કરી રહ્યાં છે. આજે, તેમના ઘરમાં 100 જેટલા માળા છે અને લગભગ 2,500 જેટલી ચકલીઓ તેમાં રહે છે.
ચકલીઓના સંરક્ષણ માટે ઇંદરપાલે કરેલા કામે અન્ય લોકોને પણ પ્રેરિત કર્યા છે. તેના પ્રયાસોને પ્રધાનમંત્રી, નરેન્દ્ર મોદી તરફથી તેમના મન કી બાત પ્રોગ્રામમાં પ્રશંસા મળી છે.


# જાદવ પાયેંગ




શાળાના બગીચામાં -
અરેરે! આપણે વાવેલા બધા નવા રોપાઓ સૂકાઈ ગયાં.
એક અઠવાડિયા પહેલાં, રજાઓ પહેલાં તો તે સરસ હતા.
તે એટલા માટે કે ખાલી રોપાઓ વાવી દેવા એટલું જ પુરતું નથી. તમારે તેમની કાળજી લેવી પણ જરૂરી છે. જેવી આસામના જાદવ પાયેંગે લીધી. તેણે એકલાહાથે એક આખું જંગલ ઉગાડ્યું અને તે પણ રેતાળ જમીન પર!
મિસિંગ આદિજાતિના જાદવ મોલાઈ પાયેંગ, માજૌલીમાં રહે છે - જે દુનિયાના સૌથી વિશાળ નદી દ્વીપ પૈકી એક છે.
જાદવ 16 વર્ષનો હતો ત્યારે, 1979ની એક બળબળતી બપોરે, તેણે એવુ કંઈક જોયું જેનાથી તેનું જીવન કાયમ માટે બદલાઈ ગયું.
આટલા બધા સાંપ! અને બધા મરેલાં!
આ રેતી તેમના માટે અત્યંત તપી ગઈ હશે અને કોઈ છાંયડો પણ મળ્યો નહીં હોય.



શું આવી ગરમીથી આપણે પણ એક દિવસ મરી જઈશું?
મારે તેને રોકવા માટે કંઈક કરવું જોઈએ.
જાદવે આગલા દિવસે તે રેતાળ જમીનમાં થોડાંક વાંસના રોપાઓ રોપ્યાં...
ઓહ! અહીં ખૂબ ગરમ છે.
...અને પછી.
તે ખૂબ મુશ્કેલ કામ હતું, પણ તેણે તે ચાલુ રાખ્યું.
તે પછી, તેણે અન્ય પ્રકારના વૃક્ષો વાવવાના પણ શરૂ કર્યાં. તે દરરોજ એક વૃક્ષ રોપતો, જ્યાં સુધી...
જ્યાં પહેલાં ફક્ત રેતી હતી ત્યાં લીલુંછમ જંગલ ન છવાઈ ગયું.


40 થી વધુ વર્ષ પછી, તે રેતાળ પ્રદેશનું નામ મોલાઈ જંગલ પડ્યું. તે જંગલમાં હાથી, વાઘ, ગેંડા અને તમામ પ્રકારના પક્ષીઓએ પોતાનું ઘર બનાવ્યું.
જાદવના જીવન પર પુસ્તકો, ફિલ્મ અને ડોક્યુમેન્ટરી બનેલી છે. તે 'ધ ફોરેસ્ટ મેન ઑફ ધ ઇંડિયા' તરીકે જાણીતા છે. જાદવને 2015માં પદ્મશ્રી પુરસ્કાર એનાયત થયો હતો.
જાદવ હજી પણ દરરોજ 4:30 વાગ્યે ઉઠી જાય છે અને પોતાના જંગલની કાળજી લેવા માટે જંગલમાં નીકળી પડે છે.
મેં એકલાએ આ નથી બનાવ્યું. મેં ફક્ત વૃક્ષો વાવ્યાં. એકવાર વૃક્ષો પર બીજ આવી જાય તે પછી હવાને ખબર છે કે તેનું બીજારોપણ કેવી રીતે કરવી, પક્ષીઓને ખબર છે કે તેની માવજત કેવી રીતે કરવા, પ્રાણીઓને પણ ખબર છે કે તેની કાળજી કેવી રીતે લેવી અને બ્રહ્મપુત્રાને પણ ખબર છે કે તેમને કેવી રીતે સીંચવા. આખા ઇકોસિસ્ટમને તેની જાણકારી છે.
જાદવ કુદરતની ભાષા સમજે છે અને તે જ તેની ખૂબી છે.

# જગદીશ ચંદ્ર કુનિયાલ





* વરસાદના પાણીની પર્વતોમાંથી આવતી ધાર


^1970માં એક ઇકોલોજીકલ ચળવળ શરૂ થઈ જ્યારે લોકોએ વૃક્ષોને કપાતા અટકાવવા માટે વૃક્ષોને આલિંગન કરવા લાગ્યા.





**Uncle in Hindi*


તે જ વર્ષે, સરકારે ડુંગરાળ પ્રદેશોમાં ચાના બગીચા સ્થાપિત કરવાની યોજના શરૂ કરી.
ઉત્તરાખંડ રાજ્યની સરકાર ડુંગર વિકાસ કાર્યક્રમ હેઠળ ચાની પેદાશને પ્રોત્સાહન આપે છે.
હું તે કરવા જઈ રહ્યો છું. જો હું ચા વાવું અને મારી પાસે કોઈ ગાર્ડ હોય, તો છોડવાઓ અને વૃક્ષોની સંભાળ થઈ જશે.
જગદીશે તેના પ્રયાસો ચાલુ રાખ્યાં અને જંગલનું આવરણ વધ્યું.
અંતે, 2012માં -
પાણી ગધેરાથી નીચે છલકાઈ રહ્યું છે! આવો અને તેને જુઓ.
મેં આ દિવસ માટે ખૂબ લાંબો સમય રાહ જોઈ.
દિકરા, તારી સખત મહેનત રંગ લાવી! શરમની વાત છે કે અમે તારી વાત પર વિશ્વાસ ન કર્યો.
આપણું ભવિષ્ય સુરક્ષિત છે. આ ખુશી, પૈસાથી ખરીદી શકાય તે કોઈપણ વસ્તુથી વધીને છે.
સિર્કોતનું આખુ ગામ જગદીશની સફળતા પર આનંદિત થયું.
ગામના 150 થી વધુ પરિવારો પાણી માટે આ ગધેરા પર નિર્ભર છે, અને તેં તેમનું જીવન બદલી નાખ્યું. હાર ન માનવા બદલ આભાર.
હવે, ગધેરાને પાણીથી ભરાયેલું રાખવા માટે આપણે વધુ વૃક્ષો રોપવા આવશ્યક છે.
30થી વધુ વર્ષોમાં, જગદીશે પોતાના ગામમાં 15,000 વૃક્ષો વાવ્યાં. છેવટે -
અમે પાડોશના ગામથી આવ્યાં છીએ અને અમે પણ અમારા જળ સ્રોતોને પુનર્જીવિત કરવા માંગીએ છીએ. અમે કેવી રીતે શરૂ કરીએ?
છોડવાઓ રોપવાનું શરૂ કરો અને કપાઈ રહેલા દરેક ઝાડ માટે પાંચ વૃક્ષો વાવવાનું યાદ રાખો.

# રફી રામનાથ




* કેરળના અલાપુઝામાં



થોડાંક અઠવાડિયા પછી -
ચાલો આપણે શાળાએ આપેલી આ જમીન પર એક હર્બલ બગીચો શરૂ કરીએ. આપણે લીમડો અને અશોકા જેવા વૃક્ષો વાવીશું.
બગીચો બનાવવા માટે રફીએ વન વિભાગ તરફથી રોપાઓ મેળવ્યાં.
વર્ષો સુધી, રફી અને તેમના વિદ્યાર્થીઓએ ઘણાં વિવિધ ઔષધીય છોડવાઓ વાવ્યાં.
આપણે આગલા વર્ષે પાસ થઈ જઈશું તે પછી શું થશે?
વિદ્યાર્થીઓની આગલી બેચ બગીચાની માવજત કરશે.
હર્બલ બગીચામાં 150 થી વધુ વિવિધ છોડવાઓ છે, જેની સંભાળ 13 વર્ષથી વિદ્યાર્થીઓ લઈ રહ્યાં છે.
હર્બલ બગીચો એ એક સફળતા છે. હવે મારે પર્યાવરણીય સંરક્ષણ માટે મારો વધુ સમય અને ઊર્જા સમર્પિત કરવી આવશ્યક છે.
રફીએ જલ્દી જ એક એનજીઓ સાથે સહયોગ શરૂ કર્યો અને સમગ્ર જીલ્લામાં વૃક્ષારોપણ અભિયાનો આયોજિત કરવાનું શરૂ કર્યું.
કૃપા કરીને તમારા મિત્રો અને પરિવારને, અમારા આગલા અભિયાનમાં અમારી સાથે જોડાવવા માટે કહો. અમે પોતાના ઘરની નજીક વૃક્ષ વાવવા માંગતા હોય તેમને રોપાઓ પણ પ્રદાન કરીએ છીએ.
કેટલાક વર્ષોમાં, રફીએ એક લાખથી વધુ વૃક્ષો વાવ્યાં અને બે લાખથી વધુ રોપાઓનું વિતરણ કર્યું.




*2168 વર્ગ ફૂટ

^જ્ઞાનનું વન

# રિપુ દમન બેવલી



દિલ્હીમાં પ્રદૂષણ ભયાનક સ્તરે પહોંચી ગયું છે. મને આશા છે કે તમે શાળાએ આવતી વખતે માસ્ક પહેરી રહ્યાં છો.
હા, સર. તે દિવસેને દિવસે વધુ બગડી રહ્યું છે!
તે મને રિપુ દમન બેવલીની યાદ અપાવે છે જેણે પ્રદૂષણનો એક અજોડ રીતે સામનો કર્યો.
રિપુ દમન બેવલી તેની માતા રનબીર કૌર અને નાની બહેન જાસ્મીન સાથે દિલ્હીમાં ઉછર્યો.
રિપુ માત્ર છ જ વર્ષનો છે છતા તે પોતાની બહેનનું ખૂબ સારી રીતે ધ્યાન રાખે છે.
રનબીરને પણ લાગ્યું કે તેને ખેલકૂદમાં ખૂબ રુચિ છે, ખાસ કરીને ક્રિકેટમાં.
આગલા થોડાંક વર્ષોમાં, રિપુ રાજ્ય સ્તરે ક્રિકેટ રમવા લાગશે.
મારે મારી રમતમાં સુધાર કરવો પડશે. હું એક દિવસ ભારતનું પ્રતિનિધિત્વ કરવા માંગુ છું.




*સાઇનસને ઢાંકતી પેશીઓમાં બળતરા
^પ્લોગિંગ ચળવળના સંસ્થાપક


** પ્લોગિંગ એ 'પ્લોકા અપ' એટલે કે સ્વીડિશ ભાષામાં 'ચૂંટી લેવું' અને 'જોગિંગ'નું સંયોજન છે




*કચરો કરનારા લોકો
^સફાઈ કરનારા લોકો


**ફાસ્ટિંગ
^^પ્રવાસ

# નદી નાગનદી




*તામિલનાડુના વેલ્લોર જીલ્લામાં આવેલું ગામ

^પરંપરાગત રિચાર્જ કૂવાઓ





*તમિલ ભાષામાં બહેન માટે વપરાતો શબ્દ.

# સેંગ શેરપા





*સિક્કિમનું એક ગામ

^ત્સો એટલે 'તળાવ', મ્ગો એટલે 'માથું'





*સિક્કિમની રાજધાની
^ સિક્કિમ અને તિબેટની વચ્ચેનો પર્વતીય પ્રદેશ

**સોમ્ગો લેક કન્ઝર્વેશન કમિટી
^^વર્લ્ડ વાઇડ ફંડ ફોર નેચર



તે સરકાર અને સ્થાનિક લોકોની વચ્ચેની એક કડી બન્યો અને TPSS માટે સંચાલન પ્રોગ્રામોને બદલવાની મુહિમ શરૂ કરી.
ફાસ્ટ ફૂડની દુકાનો એ પ્રદૂષણનો સૌથી મોટો સ્ત્રોત છે. તે ભીની જમીનની સૌથી નજીક છે. આપણે તેમને તેનાથી દૂર કરી શકીએ છીએ.
આપણે પર્યટકોને પ્લાસ્ટિકની થેલીઓને બદલે કપડાની થેલીઓ પણ આપી શકીએ છીએ.
પછી તે કોમ્પ્લેક્સને સોમ્ગોથી 100 મીટર દૂર શિફ્ટ કરવામાં આવ્યું, જેના લીધે તળાવમાં ડિસ્પોઝલનો નિકાલ થવાનું બંધ થયું.
TPSS મારફતે, સેંગ અને તેના મિત્રોએ ઘણાં અન્ય નોંધપાત્ર ફેરફારો કર્યાં.
કપ નૂડલના બોક્સથી અહીં સૌથી વધુ કચરો થાય છે. ચાલો આપણે તેનું એકવાર વેચાણ જ બંધ કરી દઈએ.
અને આપણને તળાવની ફરતે ઘણાં કચરાના ડબ્બા રાખવાની પણ જરૂર છે.
તળાવની આસપાસનો વિસ્તાર દિવસમાં બે વાર સાફ થવા લાગ્યો અને કચરાને સેગ્રિગેશન માટે લઈ જવામાં આવ્યો.
રિસાઇકલ થવા યોગ્ય કચરો એકત્રિત થયો, જે સ્ક્રેપ ડીલર્સને સોંપવામાં આવ્યો અને રીસાઇકલ થયો.
TPSSના સોમ્ગોને સંરક્ષિત કરવાના પ્રયાસોએ સિક્કિમની સરકાર પાસેથી ઘણાં પુરસ્કારો જીત્યાં.
કોઈ સદ્કાર્ય માટે સમુદાયના એકત્રિત થવાનું આ એક અદ્ભુત ઉદાહરણ છે.
આજે, વાર્ષિક ચાર લાખ પર્યટકો ત્યાં આવે છે તેમછતાં, સિક્કિમ એ ભારતમાં સૌથી સ્વચ્છ રાજ્યો પૈકી એક છે.
ભારતના પ્રધાનમંત્રીએ પણ આ સીમાચિહ્નને હાંસિલ કરવા માટે સેંગના સહયોગની પ્રશંસા કરી.
સેંગ શેરપાજીના પ્રયાસોએ સોમ્ગોની કાયાકલ્પ થઈ ગઈ, જે સિક્કિમનું એક સાંસ્કૃતિક ચિહ્ન છે!
પર્યાવરણીય સંરક્ષણના મહત્ત્વ અંગે સેંગનું પર્યટકો અને સ્થાનિક લોકોને પ્રેરિત કરવાનું અને સમજાવવાનું સતત ચાલુ છે.


# સેવ ચાઇટ લુઈ




*મિઝોરમની રાજધાની


^મિઝોરમમાં વસતા લોકો












*નાના ડેમ્સ કે જે જળાશયમાં કાંપને પ્રવેશતા અવરોધવા અને ફસાવવા માટે બાંધવામાં આવે છે


^રાષ્ટ્રીય સેવા યોજના (નેશનલ સર્વિસ સ્કીમ)


# સુરેશ કુમાર



સર, અમે પરિવર્તન લાવવા વિશેની વાતો તો ખૂબ કરીએ છીએ, પરંતુ અમારે શું કરવું જોઈએ? કરવા માટે તો ઘણાં બધા સદ્કાર્યો છે.
ચરન, તમારા હૃદયની સૌથી નજીક હોય એવા એક સદ્કાર્યથી શરૂ કરો અને ધૈર્યપૂર્વક તેના પર કામ કરતા રહો.


જેવું કે આજની સ્ટોરીના નાયક, સુરેશ કુમારે કર્યું. તેમણે પોતાના શહેરના એક ભાગને લીલુંછમ અને સુંદર બનાવવા માટે ઘણાં વર્ષો વિતાવ્યાં.


સુરેશ કુમાર, સહકાર નગર, બેંગલુરુના નિવાસી છે, તેઓ ઘણાં વર્ષોથી, 'તમે વિશ્વમાં જોવા માંગો છો તે પરિવર્તન બનો' ના સિદ્ધાંતને મૂર્તિમંત કરી રહ્યાં છે.


લગભગ વીસ વર્ષ પહેલાં, સુરેશે સહકાર નગરમાં 2,500 રોપાઓ વાવ્યાં હતા. તે રોપાઓ હવે મોટા વૃક્ષો થઈ ગયા છે, તે દરેકને સાંસ્કૃતિક રીતે મહત્વની વ્યક્તિના નામથી નામ આપવામાં આવ્યાં છે.
રોપાઓ રોપવાનો નિર્ણય એક મહત્વપૂર્ણ નિરીક્ષણમાંથી ઉભો થયો હતો.



'ભારતના બગીચાઓનું શહેર' તરીકે જાણીતું બેંગલુરૂ, એક સમયમાં અત્યંત લીલોતરી, વિશાળ બગીચાઓ અને તળાવો માટે જાણીતું હતું.
1973
1992
2008
2021
દુઃખદ વાત છે કે છેલ્લા 50 વર્ષોમાં, શહેરે તેનું 88% ગ્રીન કવર અને 79% પાણીનું કવર, અતિક્રમિત શહેરીકરણને લીધે ગુમાવ્યું છે.
આ ઝડપી અધોગતિ ખૂબ જ ખલેલ પહોંચાડી રહી છે. જો આપણે ટૂંક સમયમાં કંઈ નહીં કરીએ, તો આ લીલોતરી કાયમ માટે ખોવાઈ જશે.
સુરેશે રેલવે ટ્રેક અને સહકાર નગરના બગીચાની સાથે-સાથે મુખ્ય રસ્તાઓ પર પણ રોપાઓ વાવવાનું ચાલુ કર્યું.
જેટલા વધુ વૃક્ષો આપણે વાવશું, આપણું ભવિષ્ય તેટલું વધું લીલુંછમ રહેશે.
તેણે તે વિસ્તારના રહેવાસીઓને પણ તેમ કરવા માટે પ્રોત્સાહિત કર્યાં.
શરૂઆતમાં, તેના સારા ઇરાદાને લીધે પણ તેને સમસ્યાઓનો સામનો કરવો પડ્યો.
અમને તમારી વાત પર વિશ્વાસ નથી. અમને શું ખબર તમારો અન્ય કોઈ હેતુ હોય, જેમ કે રાજનીતિમાં જોડાવવાનો?
રાજકારણમાં ઉતરવાનો મારો કોઈ હેતુ નથી, સર. પ્રકૃતિએ આપણને ઘણું આપ્યું છે અને તેથી પર્યાવરણને સુરક્ષિત રાખવું અને જાળવવું એને હું મારી ફરજ સમજું છું.
ઉનાળામાં છોડવાઓને પાણી આપવું એ એક મુશ્કેલ કાર્ય હતું. પણ -
મને ખબર છે! હું પાણીની ટાંકીઓ બાંધીશ અને મારા માટે છોડવાઓને પાણી નાંખવા પરિચારકોને હાયર કરીશ.
આ ઉપરાંત, સુરેશ દરરોજ છોડવાઓની વૃદ્ધિનું જાતે વ્યક્તિગત રીતે નિરીક્ષણ પણ કરતા.


સુરેશના પ્રયાસોને લીધે, આજે આ વિસ્તારમાં અન્ય ઘણા વૃક્ષોની વચ્ચે મહોગની, લીમડો, જાસ્મીન અને જેકારાંડા જેવા વૃક્ષોનો ખજાનો છે.
હવા પણ વધુ સાફ અને તાજી છે, જે શહેરના આ વિસ્તારને સૌથી વધુ માંગવાળો રહેવાસી વિસ્તાર બનાવે છે.
સુરેશે કર્ણાટકની ભાષા, ઇતિહાસ અને સંસ્કૃતિનો પ્રચાર કરવા માટે પણ કામ કર્યું છે.
આ માટે તેમણે 500 વર્ગ ફૂટનું એક બસ શેલ્ટર બાંધ્યું જેમાં કવિઓ અને રાજ્યના અન્ય પ્રખ્યાત લોકોના ફોટા છે.
બસ સ્ટેન્ડમાં તમામ પ્રકારના કન્નડ ગીતો વાગે છે - જેમાં ભક્તિ સંગીતથી લઈને ફિલ્મના લોકગીત અને શાસ્ત્રીય સંગીત પણ સામેલ છે.
લોકોને શિક્ષિત કરવાની કેવી અવનવી રીત છે!
કેટલાક ટ્રેક્સમાં ખાસ કર્ણાટકના સમૃદ્ધ ઇતિહાસ વિશેની માહિતી રેકોર્ડ કરેલી છે.
આટલી બધી પ્રશંસા છતા, સુરેશ સામાન્ય ફિલસૂફી સાથેના એકદમ સાદગી વાળા વ્યક્તિ છે.
હું વૃક્ષો રોપવાનું અને આપણાં પર્યાવરણ અને સંસ્કૃતિને સંરક્ષિત કરવાનું કામ ચાલુ રાખીશ - કારણ કે હું તે કરી શકું છું અને મારે તે કરવું જ જોઈએ.

# તુલસી રામ યાદવ




*ગામના મુખી


ગામવાસીઓ તુલસી રામના વિચાર વિશે ખૂબ ઉત્સુક હતા પણ તેના પર પ્રક્રિયા કેવી રીતે કરવી તે વિશે અનિશ્ચિત હતા.
પપ્પા, તુલસી રામજીનું 'ગામનું પાણી ગામમાં જ રહે' એમ કહેવા પાછળનો અર્થ શું છે?
એનો અર્થ એ કે આપણા ગામમાં જે પાણી છે તે ફક્ત પીવા અને અન્ય ઘરગથ્થું કામના ઉપયોગમાં લેવા માટે જ રહેવું જોઈએ. તેનો બગાડ ન થવો જોઈએ અને ન તો બીજે ક્યાંય વપરાવું જોઈએ.
તો, આપણે બધા પાણી બચાવવામાં મદદ કરી શકીએ છીએ?
હા, આપણે જ્યારે સમજીએ કે પાણીનું દરેક ટીપું મહત્વનું છે, તો આપણે આપણી પાણીની સમસ્યાને ઉકેલી શકીશું.
તુલસી રામે ખેડૂતોને વરસાદના પાણીને ખેતીકામ માટે સાચવી રાખવાની સલાહ આપી.
ચાલો આપણે આપણા ખેતરોમાં તળાવ ખોદીએ અને તેને નહેર સાથે જોડી દઈએ. આપણે ખેતીકામના ઉપયોગ માટે વરસાદના પાણીને એકત્રિત કરીશું.
આ રીતે આપણને આખો વર્ષ પાક લેવામાં મદદ મળશે. આપણે એકવાર તેમ કરવું જોઈએ.
ખેડૂતોએ 40થી વધુ તળાવો ખોદ્યા અને તેમને નહેરો સાથે કનેક્ટ કર્યા.
વર્ષો પસાર થયા -
એક સમયનાં સૂકા પડેલા તળાવો હવે પાણીથી ભરાયેલાં છે અને આપણા માટે સમૃદ્ધિ લાવ્યા છે.
હા, તુલસી રામજી સાચું કહેતા હતા. લખતારા હવે એક મૉડેલ ગામ છે.
પ્રધાનમંત્રી મોદીએ પોતાના રેડિયો પ્રોગ્રામ મન કી બાત પર તુલસી રામ યાદવના પ્રયાસોના વખાણ કર્યા પછી -
તુલસી રામ જી તમે પાણી-બચાવનારા નાયક છો! વિશ્વ હવે તમારા ગામને જાણે છે.
આપણે સાથે મળીને કામ કર્યું અને પરિવર્તનો કર્યા.



# મન કી બાત

## વોલ્યુમ 8

“મનુષ્યની જરૂરિયાત માટે વિશ્વ પાસે પર્યાપ્ત છે પરંતુ મનુષ્યની લાલસા માટે પર્યાપ્ત નથી.” આ શબ્દો આપણાં રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધી દ્વારા ઉચ્ચારાયેલા છે, જે આજની હરણફાળ ભરતી દુનિયામાં ઘણી વાર ભૂલાઈ જાય છે. વ્યવસાય અને ઉદ્યોગોના ધૂમ વિકાસ સાથે, ટનોમાં કચરો ઉત્પન્ન થાય છે અને તે તેમની પ્રક્રિયા પર્યાવરણને અપૂરણીય ક્ષતિ પહોંચાડે છે. જો કે, આને અટકાવવા માટે, કેટલાક જવાબદાર નાગરિકો ઊભા થયા છે અને તેમણે જવાબદારીની ડોર પોતાના હાથમાં લીધી છે.

મન કી બાતનું આઠમું વોલ્યુમ દેશના તે લોકો વિશે છે જેમણે તેમની આસપાસ કોઈ સમસ્યા જોઈ અને તેમણે તે સમસ્યાને ઉકેલવાનું બીડું ઝડપ્યું.

ઇંદરપાલ સિંઘ બત્રાથી લઈને કે જેમણે ચકલીઓ માટે ઘર બનાવ્યા અને તેમની પ્રજાતિને લુપ્ત થવાથી બચાવી, તામિલનાડુની મહિલાઓ સુધી કે જેમણે નદી નાગનદીને પુનર્જીવિત કરી, આ અગિયાર સ્ટોરી તેવા નાયકો વિશેની છે જેમણે પર્યાવરણની સુરક્ષા કરી. તેમાંના દરેકે યોગ્ય દિશામાં એક પગલું લીધું અને સેંકડો અન્ય લોકોને પોતાના સદ્કાર્યમાં જોડાવવા માટે પ્રેરિત કર્યા.



₹99

www.amarchitrakatha.com
ISBN 978-93-6127-257-8
9 789361 272578